## પ્રેસ નોટ

..........................

### માહે ડીસેમ્બર ૨૦૧૭ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે ડીસેમ્બર ૨૦૧૭ દરમ્યાન **૫૨૦૩** ઈન્ડોર તથા **૫૯૨૦૯** આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના **૪૧૪૭** તથા **૮૧૪** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૩૧૭૫** એક્ષ-રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૪૬૩** અને જુના **૧૩૧૧** દર્દીઓ સહીત કુલ **૨૭૭૪** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૫૪૪** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૪૪૩** તથા આંખ વિભાગમાં **૩૬૧૧** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૧૮૦૫૧** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

પ્રતિ,
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં....673.....: તા. ૦૯-૦૧-૨૦૧૮.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સરત શહેરના બ્યુટિફિકેશન તથા સંસ્કૃતિ તથા કલાની કલાકૃતિઓ પ્રદર્શિત કરવા માટે 'સુરત સ્ટોન સ્કલ્પચર સીમપોઝીયમ–૨૦૧૮'નું આયોજન હાથ ધરવામાં આવેલ છે. સદર કાર્યશિબિરમાં આંતરરાષ્ટ્રિય ખ્યાતી પ્રાપ્ત ૧૧(અગીયાર) કલાકારો ભાગ લેનાર છે. જે પૈકી ૭(સાત) કલાકારો ભારતીય છે, ૩(ત્રણ) કલાકારો જાપાનના તથા ૦૧(એક) કલાકાર ઈટાલીથી આવેલ છે. સદર સીમ્પોઝીયમનું ઉદઘાટન માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના શુભહસ્તે તા.૦૯/૦૧/૨૦૧૮ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સાયન્સ સેન્ટર સ્થિત ઓડીટોરીયમમાં કરવામાં આવેલ છે. જેમા સ્થાયી સમિતિ ચેરમેનશ્રી રાજેશ દેસાઈ, નેતા શ્રીશાસકપક્ષ ગિરિજાશંકર મિશ્રા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.કમિશનરશ્રી, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, વિદ્યાર્થીઓ અને નગરજનો ઉપસ્થિત રહયા હતા.

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સ્થિત આર્ટગેલેરીના ભોંયતળિયે શ્રીરામના જીવન ચરિત્રને વર્ણવતા શ્રીમદ્ વાલ્મીકી રામાયણ આધારીત રંગોળીની કામગીરી તા.૧૮/૦૯/૨૦૧૭ થી તા.૨૮/૦૯/૨૦૧૭ સુધી અલ્પના ગ્રુપના ૧૪ કલાકારો દ્વારા ૮૫ રંગોળીઓમાં રામાયણ મહાકાવ્યને ૧૧ દિવસ, રોજ ૧૦ કલાક પ્રતિ કલાકાર પ્રમાણે ૩૪૫૦ ચો.મી. વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલ. સદર રંગોળીને **India Book of Records,** દ્વારા **'Biggest Rangoli in Theme of Ramayana'** રેકોર્ડ આપવામાં આવેલ છે. સદર અલ્પના ગ્રુપના ૧૪ કલાકારો અંજલી સપન સાળુંકે, શિખા ચૈતન્ય જરીવાલા, અશ્વિન મણીલાલ જરીવાલા, અમિતા રણધીર ભગત, મીરા નિખિલ કોરડાવાલા, અદિતિ કાનંદ ભટ્ટ, દર્શના નંદન સચાનીયા, નિના શાંતિલાલ રાઠોડ, કામિષા તેજસકુમાર ચેવલી, ધ્વનિ દિપશકુમાર ચેવલી, પર્સિસ નિતીનકુમાર પ્રેસવાલા, પ્રદિપ ગોરધનભાઈ કાજવાદરા (હંસ), પ્રિયંકા લલ્લુભાઈ પટેલ અને ભાવિકકુમાર નરેશભાઈ પટેલનું **India Book of Records** અને સર્ટીફિકેટ આપી સદર સમારોહમાં બહુમાન કરવામાં આવેલ.

વધુમાં સુરત મહાનગરપાલિકા દ્વારા અગાઉ જુલાઈ–ઓગસ્ટ ૨૦૧૭માં આયોજિત 'સુરત સ્ક્રેપ સ્કલ્પચર સીમપોઝીયમ–૨૦૧૭'ના ૧૦(દસ) કલાકારો દ્વારા ૧૦(દસ) કલાકૃતિઓ બનાવવામાં આવેલ, જેને સુરત શહેરનાં વિભિન્ન જગ્યાઓએ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. સદર ૧૦(દસ) કલાકારોનું પણ સદર સમારોહમાં સર્ટીફિકેટ આપી બહુમાન કરવામાં આવનાર છે. તૈયાર થયેલ આર્ટિફેકટની થીમ /ડીઝાઈન તથા તેને અનુરૂપ લોકેશનની પસંદગી કરવામાં આવેલ છે. મુખ્ય રસ્તાઓ ઉપર તથા મોટી સાઈઝના સર્કલોની પસંદગી

કરવામાં આવેલ છે તથા બહોળી સંખ્યામાં નગરજનોને લાભ મળી શકે તે બાબતોને ધ્યાને લઈ આ તમામ કલાકૃતિઓને નીચે જણાવ્યા મુજબના સ્થળે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

| ક્રમ | ઝોનનું નામ | આર્ટીફેક્ટ | ઈન્સ્ટોલ કરવાનું સ્થળ |
|---|---|---|---|
| 1 | સેન્ટ્રલ ઝોન | LIFE (બોબીન) | સ્વર્ણિમ સર્કલ, રીંગરોડ |
| 2 | કતારગામ ઝોન | CRAWLING ROOSTER (પક્ષી) | કાંસાનગર તળાવની સામેનો ટ્રાફિક આઈલેન્ડ |
| 3 | રાંદેર ઝોન | WITH LOVE (ફુલ) | સોના હોટલની સામે, પાલનપુર પાટીયા |
| 4 | અઠવા ઝોન | RAFTAR-E-SURAT (ઘોડો) | મજુરાગેટ ફાયર સ્ટેશનની સામે, ઘોડદોડ રોડ |
| 5 | | WELCOME BIRD (કાગડો) | સાયન્સ સેન્ટર |
| 6 | ઉધના ઝોન | THE WALKING HOUSE (માણસ) | પત્રકાર કોલોની પાસેના ચાર રસ્તા |
| 7 | વરાછા ઝોન | URBAN STRUCTURE | રામચોક, લેક ગાર્ડન પાસે, મોટા વરાછા |
| 8 | | HEART (દિલ) | સ્મીમેર હોસ્પિટલ |
| 9 | | THE GROWTH (જીવડું) | લક્ષ્મણ ચોક, સાકેત ધામ સોસાયટી પાસે, પૂણા |
| 10 | લિંબાયત ઝોન | CLOUD GATE | નીલગીરી સર્કલ |

ઉપરોકત સિમ્પોઝિયમ ઉપર બનાવેલ એક ખાસ ડોકયુમેન્ટરી ફિલ્મનું રિલિઝ તથા તમામ સ્કલ્પચર બનાવટની કામગીરી ઉપર તૈયાર થયેલ પુસિતકાનું પણ માન. મેયરશ્રીના શુભહસ્તે આજ રોજ વિમોચન કરવામાં આવ્યુ હતુ.

આ ઉપરાંત સુરત સ્ટોન સ્કલ્પચર સીમ્પોઝીયમ ૨૦૧૮માં આંતરરાષ્ટ્રિય ખ્યાતી પ્રાપ્ત ૧૧(અગીયાર) કલાકારો પૈકી ૭(સાત) કલાકારો ભારતીય, ૩(ત્રણ) કલાકારો જાપાનના તથા ૦૧(એક)ઈટાલીના કલાકારનું પણ બહુમાન કરવામાં આવેલ. સદર કાર્યશીબીર માટે રાજસ્થાનથી ખાસ પથ્થરો  જેવા કે બંસીપહાડપુર પીંક સેન્ડ સ્ટોન, ખાવડા યેલો સેન્ડ સ્ટોન, રાજનગર વ્હાઈટ મારબલ, ભેંસલાણા બ્લેક મારબલ, કેસરીયાજી બાબર રાજ પીંક મારબલ ખાસ ઓર્ડર મારફત મંગાવવામાં આવેલ છે. ઉપરોકત કલાકારોની મદદ માટે ખાસ તાલીમ પ્રાપ્ત સ્ટોન કાર્વર તથા જુનીયર કલાકારો બોલાવવામાં આવેલ છે. સદર કાર્યશીબીરને કયુરેટ અને કન્ડકટ કરવાની કામગીરી સુરત સ્થિત આર્ટજન સંસ્થા દ્વારા કરવામાં આવશે. આ કાર્યશીબીર સાયન્સ સેન્ટર સ્થિત ગઝેબો ખાતે ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૮ સુધી ચાલશે જેનો સુરત શહેરની કલાપ્રિય જનતા તથા ફાઈન આર્ટસ અને આર્કિટેકચર જેવા વિષયના વિદ્યાર્થીઓએ ખાસ લાભ લેવા વિનંતી.







# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં ખાનગી તથા જાહેર મિલ્કત પર હોર્ડીંગ્સની પરવાનગી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી આપવામાં આવે છે. ત્યારબાદ તેના રીન્યુઅલ અને લાયસન્સ ફીની વસુલાત ની કામગીરી લાગત ઝોન ધ્વારા કરવામાં આવે છે. માન.કમિશ્નરશ્રીની સૂચના અનુસાર દરેક ઝોનમાં આવેલ હોર્ડીંગ્સ નો રી–સર્વે કરાવવામાં આવેલ, જેમાં ખાનગી મિલ્કત ઉપર પરવાનગી વગરના બિનઅધિકૃત હોર્ડીંગ્સ મળી આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ઝોન | બિનઅધિકૃત હોર્ડીંગ્સની સંખ્યા | અંદાજીત વાર્ષિક આવક (રૂા.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | અઠવા ઝોન | ૫૩૩ | ૫૦.૦૦ |
| ૨ | વરાછા ઝોન | ૨૩૭ | ૫૦.૦૦ |
| ૩ | સેન્ટ્રલ ઝોન | ૨૦૦ | ૧૮.૭૨ |
| ૪ | રાંદેર ઝોન | ૧૦૦ | ૩૮.૬૧ |
| ૫ | ઉધના ઝોન | ૨૨૯ | ૩૨.૨૧ |
| ૬ | કતારગામ ઝોન | ૧૩૫ | ૬૪.૦૦ |
| ૭ | લિંબાયત ઝોન | ૧૩૭ | ૬૬.૮૫ |
| | કુલ : | ૧૫૭૧ | ૩૨૦.૩૯ |

ઉપરોકત, બિનઅધિકૃત હોર્ડીગ્સ ધારકોને ઝોન ધ્વારા નોટીસ પાઠવવામાં આવેલ છે. હાલમાં, પરવાનગી મેળવેલ અધિકૃત હોર્ડીંગ્સની અંદાજીત આવક રૂા.૬૧૮ લાખ છે. જે આવકમાં રી–સર્વેના કારણે અંદાજે રૂા.૩૨૦.૩૯ લાખનો વધારો થનાર છે. જે મિલ્કતદાર / સંસ્થાઓને ઝોન ધ્વારા બિનઅધિકૃત હોર્ડીંગ્સની નોટીસ પાઠવવામાં આવેલ છે તેઓને તાકીદે ઝોનનો સંપર્ક કરી પરવાનગી મેળવી લેવા જણાવવામાં આવે છે.

# :: પ્રેસનોટ ::

વિષય : સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૧૮ના રોજ યોજાયેલ સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમ.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે મકકાઈ પુલ, સુરત ખાતે સ્વામી વિવેકાનંદજીને સુતરાંજલિ અર્પણ કરી વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ૧૨ જાન્યુઆરીની પ્રભાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો સ્વામી વિવેકાનંદએ આપેલ સૂત્રોને રજુ કરતા બેનરો સાથે રેલી સ્વરૂપે કાર્યક્રમ સ્થળે આવ્યા બાદ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સુરત શહેર ભાજપ પ્રમુખશ્રી નિતીન ભજીયાવાલા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓએ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરી વંદના કરી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો અને શહેરીજનોએ તત્વ–સત્વદર્શી, તપોમૂર્તિ  અને તેજોમય વકતૃત્વતા ધરાવતા સ્વામી વિવેકાનંદજીને પુષ્પો અર્પણ કરી વંદના કરી હતી.

:: પ્રેસનોટ ::

"આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૮"

વિષય : ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, જીલ્લા વહીવટી તંત્ર, સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે સુરતના આંગણે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૮"

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, જીલ્લા વહીવટી તંત્ર સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૮"નું આયોજન તા.૧૦/૦૧/૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૯.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન જોગાણીનગર પાર્ટી પ્લોટ, હની પાર્ક ચાર રસ્તા, અડાજણ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. શિયાળાની કુલ ગુલાબી ઠંડી અને સુવર્ણમયી સવારે થાઈલેન્ડ, નેપાલ, ન્યુઝીલેંડ, ફીલીપાઈન્સ, પોલેન્ડ, ઈન્ડોનેશીયા, રશીયા, યુક્રેન, યુનાઈટેડ ઓફ કીંગડમ, યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરીકા, વીએતનામ, ટુનેશીયા વિગેરે દેશોથી પધારેલ ૩૬ જેટલા ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો તથા આપણા દેશના મહારાષ્ટ્ર, તામીલનાડુ પોંડેચરી, ઉત્તર પ્રદેશ અને ગુજરાત સહિતના રાજયોમાંથી આવેલ ૨૪થી વધુ પતંગબાજોનું પ્રવેશદ્વારે ઢોલના નાદે, કચ્છી ઘોડી નૃત્યના તાલે, કુમકુમ તિલક અને ફુલોથી બાળાઓ દ્વારા ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલયની બાળાઓના સ્વાગત નૃત્યથી કરવામાં આવી હતી. ઝંકારબીટ્સ ભારત નાટમ એકેડમીએ ઉડે ઉડે રે પતંગ ગુજરાતનો, સરગમ ડાન્સ એકેડમીએ 'ઉડી ઉડી જાય દિલકી પતંગ દેખો ઉડી ઉડી જાય...' કાઈટ સોંગ, શ્રી પી. એચ.બચકાનીવાલા વિદ્યામંદિરની બાળાઓએ ઘુમ્મર..અને છેલ્લે ન.પ્રા.શાળા ક્રમાંક ૧૬૫ના બાળકોએ ગુજરાતી હોવાનું ગૌરવ લેતું ગુજરાતી મારે એન્ટ્રી તો ડોલે આખી કન્ટ્રી... સાથેના નૃત્યએ નેશનલ ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો સાથે ઉપસ્થિત તમામ લોકોના દીલ જીતી લીધાં હતાં. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશ-વિદેશના કાઈટીસ્ટો પણ ઉમળકાભેર નૃત્યમાં જોડાતાં આ પતંગોત્સવ એકતાના પર્વ સમો બની રહ્યો હતો.

આ "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૮"નો શુભારંભ મંચસ્થ મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટ્ય કરી કરવામાં આવ્યો હતો. મંચસ્થ મહાનુભાવો, નેશનલ-ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો તેમજ નગરજનોને આવકારતા માનનીય કલેકટરશ્રી મહેન્દ્ર પટેલ, આઈ.એ.એસ. એ જણાવ્યું હતું કે, જોગાણી નગર પાર્ટીપ્લોટ ખાતે ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડ, જીલ્લા વહીવટી તંત્ર સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આયોજીત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૮માં ઉપસ્થિત તમામને આવકારી સુરત, અમદાવાદ, વલસાડ, સાપુતારા વિગેરે શહેરોમાં યોજાતા આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવને લીધે આપણો આ કુટીર ઉદ્યોગ વિકસીને હાલ ૩ લાખથી વધુ કુટુંબોને રોજગારી પુરી પાડી રહયો છે. સુરતના આંગણે આવેલ દેશ-વિદેશથી મહેમાન બનીને આવેલ કાઈટીસ્ટો દ્વારા નિર્દશન થનાર પતંગોને શિસ્તબદ્ધ રીતે ગગનમાં વિહરતા નિહાળવા અપીલ કરી હતી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોને બુકે અને પુસ્તકથી જયારે દેશ-વિદેશથી પધારેલ કાઈટીસ્ટોને સંભારણારૂપે મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમારંભના અધ્યક્ષ એવા માન. મેયરશ્રી અસ્મિતાબેન પી. શિરોયાએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યુ હતું કે, ગુજરાતની વિવિધ સંસ્કૃતિ, ઉત્સવો, મેળા વિગેરેનું વર્ષ દરમ્યાન આયોજન કરી ગુજરાતને દેશ તથા વિશ્વમાં ટુરિઝમ ક્ષેત્રે આકર્ષવા અને પોતાની આગવી ઓળખ બનાવવા રાજય સરકારના સહયોગથી દર વર્ષે સુરતમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા કલા અને સંસ્કૃતિના જતન માટે હંમેશા અગ્રેસર હોય, આ ઉદ્દેશોને સાર્થક કરવા ઉત્સવપ્રિય સુરતીઓને પણ સર્વાંગી વિકાસમાં ભાગીદાર થવા અપીલ કરી હતી. જીવનમાં સ્પર્ધા, હારજીત, ખેલદીલી વિગેરે જેવા ગુણોને વિકસાવતો આ એક પર્વમાં સહભાગી થવા સાથે મકરસંક્રાંતિની શુભકામના પાઠવી હતી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ત્રિરંગી બલુનને ઊંચા ગગનમાં વિહરતા કરી, માન.મેયરશ્રીએ રીમોર્ટકન્ટ્રોલથી મેદાનમાં પતંગ ઉડાડી દેશ વિદેશથી પધારેલ પતંગબાજોને તેમની ભાતીગળ પતંગોનું નિદર્શન કરવા આમંત્રિત કર્યા હતા.

આ પ્રસંગે દેશ વિદેશથી પધારેલ કાઈટીસ્ટોએ દેશની ઉમદા સંસ્કૃતિને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમને વધાવ્યો હતો. થાઈલેન્ડ, નેપાલ, ન્યુઝીલેન્ડ, ફીલીપાઈન્સ, પોલેન્ડ, ઈન્ડોનેશિયા, રશિયા, યુક્રેન, યુનાઈટેડ કિંગડમ્, વિયેતનામ, યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકા, ટુનેશિયાના તથા ભારતના વિવિધ પ્રાંતના કાઈટીસ્ટોએ ડ્રેગન શેઈપ, સ્પાઈડરમેન, ડોરેમોન, ઓકટોપસ, સ્નેકસ, રોકટ, ડેલ્ટાવીંગ, વાકીંગ કેટ, નેમઓફ ફીશ, ક્રેઓન, સુપરમેન જેવા વિશાળકાય તથા મિનીઆચંર પતંગો ઉડાડી લોકોને આશ્ચર્યચકીત કર્યા હતા. દેશના કાઈટીસ્ટોએ સ્થાનિક પરંપરાને ઉજાગર કરતા ધાર્મિક થીમ પર પતંગને પોતાની કળા અને કૌશલ્યથી ચગાવી લોકોને અચંબિત કર્યા હતા. આમ સુરતના આંગણે યોજાયેલ આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં વિશાળ કદથી લઈ નાનામાં નાના વિવિધ આકાર અને ડિઝાઈનના ભાતીગળ પતંગોની ડિઝાઈનોથી સુરતનું આકાશ આચ્છાદિત થતાં તથા મહોત્સવમાં 'ગુજરાતી-હિન્દી ગીતોના ગુલદસ્તા'ના કરાઓકે કાર્યક્રમમાં ગુજરાતી ગરબાઓના તાલે શહેરીજનો ઝુમી ઉઠતાં સુરતના લોકો માટે નવિન નજરાણું બની રહ્યો હતો. સુરતની સ્વાદ પ્રિય જનતા માટે ખાણી-પીણીના સ્ટોલોનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું.

આ મહોત્સવમાં ઉપસ્થિત રહેવા બદલ સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈએ મંચસ્થ મહાનુભવો, કાઈટીસ્ટો તથા જાહેર જનતાનો આભાર માન્યો હતો.

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, ધારાસભ્યશ્રીમતિ ઝંખનાબેન પટેલ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, મ્યુ.કમિશ્નરશ્રી એમ.થેન્નારાસન,આઈ.એ.એસ., શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, ઉત્સવ પ્રેમી નગરજનો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાઈટ ફેસ્ટીવલને મનભરીને માણ્યો હતો.

સમાચારયાદી નં. 677 : તા.૧૦/૦૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.





ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, જીલ્લા વહીવટી તંત્ર સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે તા.૧૦/૦૧/૨૦૧૮ના રોજ જોગાણીનગર પાર્ટી પ્લોટ ખાતે આયોજીત "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૮"નો દિપ પ્રાગટ્ય કરી શુભારંભ કરાવતા મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ધારાસભ્યશ્રીમતી ઝંખનાબેન પટેલ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશનરશ્રી એમ.થેન્નારસન,આઈ.એ.એસ., કલેકટરશ્રી મહેન્દ્ર પટેલ,આઈ.એ.એસ., શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા અને સાંસ્કૃતિક કૃતિ રજૂ કરતા બાળકો સાથે નૃત્ય કરતા નેશનલ–ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો તથા કળા અને કૌશલ્યથી પતંગબાજીનું નિદર્શન કરતા દેશ વિદેશના પતંગબાજો અને તેને નિહાળતા નગરજનો દ્રશ્યમાન છે.


આપની આકાંક્ષાઓ વિસ્તરે આકાશ સુધી
આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૧૮
માણો એક નોખી રંગબેરંગી પતંગોની
દુનિયા તથા ખુશનુમા આકાશ !
૧૦ જાન્યુઆરી ૨૦૧૮ - સવારે ૯.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક સુધી
INTERNATIONAL
Kite
FESTIVAL
2018

## :: પ્રેસનોટ ::

**"સુરત મહાનગરપાલિકા આયોજીત વેશભૂષા અને ચિત્રકામ સ્પર્ધા"**

વિષય : ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૮ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા આયોજીત વેશભૂષા અને ચિત્રકામ સ્પર્ધા

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૮ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૯/૦૧/૨૦૧૮, શુક્રવારના રોજ રાંદેર ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓના ધો.૧ થી ૪ની વેશભૂષા સ્પર્ધા બપોરે ૨.૩૦ કલાકે અને ધો.૫ થી ૮ના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓની ચિત્રકામ સ્પર્ધાનું આયોજન બપોરે ૧૨.૦૦ કલાકે સ્કુલ ચિલ્ડ્રન હોલ, જંગેશ્વર મહાદેવ મંદિરની સામે, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. **<u>આ હરિફાઈમાં ફક્ત રાંદેર ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક વિભાગના ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે.</u>** હરિફાઈમાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત (ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245) ખાતેથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મેળવી સંપુર્ણ વિગત સાથે ભરેલા ફોર્મ તા.૧૭/૦૧/૨૦૧૮ સુધીમાં પરત કરવાના રહેશે.

સમાચારયાદી નં. 678 , તા.૧૬/૦૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# <u>પ્રેસનોટ</u>

<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના સમાવિષ્ટ વિસ્તારમાં **આજ તા.૧૦/૦૧/૨૦૧૮** ના રોજ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૬૩(વડોદ) માં આવેલ સાંઈનગર સોસાયટીના પ્લોટ નં.૭૨,૯૧માં પ્રથમ માળ પર ૩૦૦ ચો.ફુટનો આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ. તેમજ રૂા.૧૦,૦૦૦/– વહીવટી ચાર્જ **વસુલ કરવામાં આવેલ છે.**

(૨) ટી.પી.સ્કીમ નં.૬૩(વડોદ) માં આવેલ ફા.પ્લોટ નં.૧૨૩/સી ના માર્જીનના ભાગમાં ૧૫૦ ચો.ફુટ ચણતરનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૭૧(વડોદ)માં આવેલ આર–૩૭ રીઝર્વેશનના પ્લોટ નં.૧૪/એ તથા ૩૯/એના **પ્લીન્થ લેવલનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.**

(૪) ટી.પી.સ્કીમ નં.૬૩(વડોદ)ના ૪૫.૦૦ મી. રોડ પર આવેલ શિવનારાયણનગરમાં ૧૫૦ ચો.ફુટ નું પ્લીન્થ લેવલનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ...679............
તા.૧૦/૦૧/૨૦૧૮

## :: પ્રેસનોટ ::

વિષય : સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨.૦૧/૨૦૧૮ના રોજ યોજાયેલ સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમ.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે મક્કાઈ પુલ, સુરત ખાતે સ્વામી વિવેકાનંદજીને સુતરાંજલિ અર્પણ કરી વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ૧૨ જાન્યુઆરીની પ્રભાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો સ્વામી વિવેકાનંદએ આપેલ સૂત્રોને રજુ કરતા બેનરો સાથે રેલી સ્વરૂપે કાર્યક્રમ સ્થળે આવ્યા બાદ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સુરત શહેર ભાજપ પ્રમુખશ્રી નિતીન ભજીયાવાલા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓએ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરી વંદના કરી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો અને શહેરીજનોએ તત્વ–સત્વદર્શી, તપોમૂર્તિ અને તેજોમય વક્તૃત્વતા ધરાવતા સ્વામી વિવેકાનંદજીને પુષ્પો અર્પણ કરી વંદના કરી હતી.

સમાચારયાદી નં. 680, તા.૧૨/૦૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૩૧/૦૧/૧૫ થી તા.૦૬/૦૨/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૪૮૮ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૬૯ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૫ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૯ |
| ૫ | માયનોર ઓપરેશન | ૦૭ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૭ |

# સુરત મહાનગરપાલિકા
# આરોગ્ય વિભાગ

## તા.૧૨/૧/૨૦૧૮ નાં રોજની માહિતી

| ઝોનનું નામ | આજ રોજ સર્વે કરેલ પતંગ દોરાના વિક્રેતા | મળી આવેલ ચાઈનીઝ દોરાના જથ્થાની વિગત | કસુરવાર ઈસમો ની સંખ્યા | વસુલ કરવામાં દંડની રકમ રૂા. |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૧૧૦ | ૦૦ | ૧૦૭ | ૧૯૨૦૦ |
| વરાછા | ૪૨ | ૦૦ | ૧૬ | ૩૫૦૦ |
| રાંદેર | ૧૨ | ૦૦ | ૦૮ | ૩૭૦૦ |
| કતારગામ | ૩૯ | ૦૦ | ૨૭ | ૬૬૦૦ |
| ઉધના | ૩૫ | ૦૦ | ૦૫ | ૧૫૦૦ |
| લિંબાયત | ૧૧૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| અઠવા | ૨૭ | ૦૦ | ૦૪ | ૧૭૦૦ |
| કુલ | ૩૭૯ | ૦૦ | ૧૬૭ | ૩૬૨૦૦ |

# <u>પ્રે સ નો ટ</u>

## સુરત લેબર કોર્ટમાં સુરત મહાનગરપાલિકા સામે જુદા જુદા યુનિયનો ધ્વારા દાખલ કરવામાં આવેલ જુદા જુદા કેસોમાં સુરત મહાનગરપાલિકાનો વિજય.

સુરત મહાનગરપાલિકામાં જુદા જુદા ઝોન ખાતે  રોજીંદા દરે રોકવામાં આવતા કામદારોને સુરત મહાનગરપાલિકાની નોકરીમાં કાયમી ધારણે સમાવવા વિગેરે જેવી તકરારો ઉપસ્થિત કરી સુરત મહાનગરપાલિકાના વિવિધ યુનિયનો ધ્વારા સુરત મહાનગરપાલિકા વિરૂધ્ધ સુરતની લેબર કોર્ટોમાં વખતોવખત રેફરન્સ/કેસો દાખલ કરવામાં આવે છે. જે સંદર્ભે  નામદાર શ્રમ આયુકતશ્રીની કચેરી સુરત ધ્વારા અત્રેની કચેરીને  જુદા જુદા પત્રો ધ્વારા કરવામાં આવેલ જાણ અનુસાર નામદાર સુરતની લેબર કોર્ટ ધ્વારા અંદાજે ૨૧ જેટલી મેટરોમાં  બીજા પક્ષકારનાઓની  એટલે કે સંબંધિત રોજીંદા કામદારોની અરજીઓ  ન્યાયના હિતમાં નામંજુર કરી સુરત મહાનગરપાલિકાની તરફેણમાં એવોર્ડ /હુકમો  કરવામાં આવેલ છે.વધુમાં  આ અગાઉ પણ  નામદાર લેબર કોર્ટ ધ્વારા આવા પ્રકારના અંદાજે ૧૦૯ ઉપરાંતના કેસોમાં પણ સુરત મહાનગરપાલિકાની તરફેણમાં ચુકાદાઓ આપેલ છે.